# ‘થેંક યુ પપ્પા’ ફિલ્મથી આમંત્રિતો અભિભૂત




પ્રણવ જોષીપુરા લિખિત, કુણાલ વ્યાસ નિર્મિત, જયેશ પંચોલી દિગ્દર્શિત અને ગાંધીનગરના કલાકારો દ્વારા અભિનિત ‘બેટી પઢાવો’નો સંદેશ આપતી શૉર્ટ ફિલ્મ ‘થેંક યુ પપ્પા’નો પ્રિમિયર શો સોમવારે સાંજે સંકાથ ટૅરેસ હોમ થિયેટર ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. ફિલ્મના બે શો યોજવામાં આવ્યા હતા, જે ૨૦૦ જેટલા આમંત્રિતોએ નિહાળ્યા હતા. સૌએ ફિલ્મને માણી અને વખાણી હતી અને સાથે સાથે આ ફિલ્મ દેશના ખૂણે-ખૂણે પહોંચે તે માટેનું સૂચન કરી એ માટે પોતાની સહાય આપવાની ખાતરી પણ નિર્માણ ટીમને આપી હતી. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા તથા કૉર્પોરેટર કાર્તિક પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



સંજય જે શાહ
નાયબ કાર્યપાલક ઈજનેર
માર્ગ અને મકાન વિભાગ
મો. ૯૮૨૫૩ ૮૧૦૧૫



શ્વેતા પિંકલ શાહ
મો. ૯૪૨૯૩ ૮૮૫૭૮



નેહલ ભરતભાઈ વાઘેલા
મો. ૯૪૨૬૦ ૧૧૩૮૨



પ્રેક્ષા પટેલ
મો. ૮૪૦૧૧ ૧૧૫૨૫



વેન્શી રાકેશભાઈ પારેખ



હેતાર્થ કેયૂર શાહ
ફોન : ૨૩૨૨૩૬૯૧

# ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપક્રમે અમદાવાદ ખાતે વાર્તા શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૨૫

કર્મ કાફે, નવજીવન પ્રેસ, અમદાવાદ ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા એક દિવસીય વાર્તા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વાર્તા શિબિરમાં નિવડેલા તેમજ નવોદિત વાર્તાકારોએ ભાગ લીધો હતો.

અમદાવાદ ઉપરાંત આણંદ, પાટણ, સુરેન્દ્રનગર, તળાજા, ભાવનગર, સુરત, સાબરકાંઠા, વડોદરાથી ૬૦ જેટલા વાર્તાકારોએ આ શિબિરમાં ભાગ લીધો હતો.

વાર્તા શિબિરનું ઉદ્‌ઘાટન ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ કર્યું હતું. વાર્તાકાર રજનીકુમાર પંડ્યાના માર્ગદર્શન હેઠળ સૌએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો. વાર્તાકાર મોહન પરમારે વક્તવ્ય આપી વાર્તા વિશે વિશેષ જાણકારી આપી હતી. વાર્તા શિબિરના સંયોજકની ભૂમિકા લતા હિરાણીએ સંભાળી હતી.

આ પ્રસંગે બોલતાં ભાગ્યેશ જહાએ જણાવ્યું હતું કે ‘આપણે એવી પરિસ્થિતિમાં છીએ કે ભાષા ભૂંસાઈ રહી છે. આજે બધાં તકવાદી રીતે ભાષા વાપરે છે અને ભાષા કૃત્રિમ થઈ રહી છે. આ સંજોગોમાં આપણે જીવનમાંથી કથા શોધવાની છે, વાર્તા શોધવાની છે અને લખવાની છે.’ વાર્તાશિબિરમાંથી એક વાર્તાનું પુસ્તક તૈયાર કરવાની પણ તેમણે તૈયારી દર્શાવી હતી.

રજનીકુમાર પંડ્યાએ જણાવ્યું હતું, ‘મને કોઈકે પૂછ્યું કે તમે આ માહોલમાં કોના પક્ષે છો ? તો મારો જવાબ હતો, બે જણા રસોઈ બનાવે પણ જે રસોઈયો પોતાના સારી રસોઈ લોકોના ભાણા સુધી પહોંચાડે હું એના પક્ષે જ રહું... વાર્તાનું વાચિકમ થાય એની સાથે નિરૂપણકાર્યના પ્રયોગો થાય તેવો મારો આગ્રહ છે. રમેશ પારેખ શરૂઆતમાં વાર્તા લખતા અને એટલે જ એમનાં કાવ્યોમાં વાર્તા મળે છે. વાર્તા એ સમજવાની વાત છે. વાર્તા એટલે ઘટના નહીં, ઘટના એ તો વાર્તા માટેનો કાચો માલ છે. ટૂંકી વાર્તા એ કવિતાનો લગોલગનો પ્રકાર છે. આલંકારિક શબ્દો વાપરવા નહીં, સામાન્ય બોલચાલની ભાષાનો પ્રયોગ વાર્તામાં કરવો. વાર્તા એમાં આવેલા ડંખથી જ યાદ રહે છે. વાર્તામાં જીવનનું ગહન સત્ય સૂક્ષ્મતાથી પ્રગટ થવું જોઈએ.’

મોહનભાઈ પરમારે જણાવ્યું હતું, ‘ગુજરાતી વાર્તા એ વિદેશી સાહિત્યમાંથી જ આવેલો પ્રકાર છે. અમેરિકામાં ઓથોને સૌપ્રથમ ૧૮૩૭માં ટૂંકી વાર્તા લખી. ૧૮૫૫માં ‘બુદ્ધિપ્રકાશ’માં દલપતરામે પ્રથમ વાર્તા લખી પરંતુ એ વાર્તાથી દલપતરામ ખુશ ન હતા. ધૂમકેતુ તો પિતામહ ગણાય, એમણે ૪૦૦ જેટલી વાર્તા લખી છે. રા વિ પાઠકે વાર્તામાં પ્રયોગો કર્યા. મેઘાણીની વાર્તામાં વાર્તાતત્ત્વ નહિવત જણાય છે. સુન્દરમ પછી પન્નાલાલ પટેલે પણ વાર્તામાં મોટું કામ કર્યું... વાર્તામાં અંતનો પ્રભાવ ઘણો છે. વાર્તાને ચૅલેન્જ તરીકે સ્વીકારો તો એ વાંચવાલાયક બને. અભિવ્યક્તિ એ વાર્તાનું અવિભાજ્ય અંગ છે. હેતુ અને ઉર્મિ એ નવલિકાનું બળ છે. વાર્તાના બનાવો પ્રતીતિકર લાગવા જોઈએ.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# માઉન્ટ કાર્મેલ શાળા ખાતે વિદ્યાર્થીઓની કેબિનેટ રચાઈ




ગાંધીનગર, તા. ૨૮

સેક્ટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળામાં વિદ્યાર્થી પ્રતિનિધિ નેતાની પસંદગી માટે તાજેતરમાં મતદાન રાખવામાં આવ્યું હતું. ભારત દેશ લોકશાહીને વરેલો છે. વિદ્યાર્થીઓમાં આ ગુણોનું સિંચન થાય તે હેતુથી મતદાન યોજવામાં આવ્યું હતું. દેશના બંધારણમાં પુખ્તવય મતાધિકારનો હક આપવામાં આવેલો છે. તે અનુસાર વિદ્યાથીઓ પણ પોતાના યોગ્ય નેતાને ચૂંટે તે માટે મતદાન યોજાયું. ધો. ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓએ મતદાન કર્યું હતું. મતદાનમાં વિદ્યાર્થીઓનાં નામની યાદી, સહી કરવી વગેરે કાર્યો ઉપરાંત મતદાન માટે મતકૂટિર બનાવવામાં આવી હતી. પોતાનો કિંમતી અને પવિત્ર મત આપવા બધા જ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. મતગણતરી બાદ વિદ્યાર્થી નેતા અર્થ મહેતા અને સહાયક નેતા હર્ષિલ પટેલ ચૂંટાઈ આવ્યા હતા. ત્યારબાદ કેબિનેટ મંડળની રચના કરવામાં આવી. જેમાં, રમતગમતમંત્રી, સાંસ્કૃતિકમંત્રી, શિસ્તમંત્રી, સ્વછતામંત્રી, ઈકોક્લબમંત્રી, સામાજિકસેવામંત્રી, સ્કોડમંત્રી, સ્કાઉટ એન્ડ ગાઈડમંત્રી, બેન્ડ લીડર તથા તેમના સહાયકમંત્રીઓ નિમવામાં આવ્યા.

આજે આ વિદ્યાર્થીઓ કેબિનેટ મંડળનો શપથવિધિ સમારોહ યોજવામાં આવ્યો. જેમાં, મુખ્ય મહેમાન તરીકે નાણાં વિભાગના જોઈન સેક્રેટરી શ્રી ચંદ્રવદન મેકવાન ઉપસ્થિત રહ્યા હતા. ઍસપીઍલ અર્થ મહેતાએ વિદ્યાર્થી નેતા અને સહાયક નેતાઓને પોતાની શાળાને વફાદાર રહેવા, શાળાની ઉત્તરોત્તર પ્રગતિમાં વધારો કરવા માટેના શપથ લેવડાવ્યા. મુખ્ય મહેમાન તથા આચાર્ય સિસ્ટર રેણુકાએ નેતાઓને બેઝ એનાયત કર્યા હતા.

# બોરીજ સરકારી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટનું વિતરણ



સરકારી પ્રાથમિક શાળા ખાતે ‘આઈએઍસ ઑફિસર્સ વાઈફ’ ગૃપ દ્વારા વિદ્યાર્થીઓને દફતર, નોટબૂક્સ, કંપાસ વગેરે શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગૃપનાં સભ્ય મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રાથમિક શાળા સમિતિના સભ્યો દ્વારા ગૃપ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
જુનૂનિયત
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦
રમન રાઘવ
૭.૦૦

**સ્ક્રીન-૩**
ઈન્ડીપેન્ડન્સ ડે (૩ડી, અંગ્રજી)
૨.૪૫, ૭.૪૫
ઈન્ડીપેન્ડન્સ ડે (૩ડી, હિન્દી)
૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪**
જુનૂનિયત
સવારે ૧૦.૦૦
દાવ થઈ ગયો યાર
(ગુજરાતી)
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
૭ અવર્સ ટુ ગો
૬.૪૫

**સ્ક્રીન-૫**
ઉડતા પંજાબ
૩.૩૦, ૭.૦૦, ૧૦.૦૦
રમન રાઘવ
સવારે ૧૦.૦૦, ૧૨.૩૦

# ધો.૧૨ સાયન્સમાં ચાલુ વર્ષે સેમેસ્ટર સિસ્ટમ યથાવત રહેશે

ગાંધીનગર, તા. ૨૮

જે વિદ્યાર્થીઓ ધોરણ-૧૧ સાયન્સમાં સેમેસ્ટર સિસ્ટમ મુજબ અભ્યાસ કરીને ધોરણ-૧૨ સાયન્સમાં આવ્યા છે તેમને માટે આ વર્ષે સેમેસ્ટર સિસ્ટમ ચાલુ રાખવાનો નિર્ણય કરાયો છે. અગાઉના સેમેસ્ટર સિસ્ટમ રદ કરવાના નિર્ણયને ખુદ સરકારે આ વર્ષ માટે ફેરવી તોળ્યો છે. ખુદ સરકારે પોતાના નિર્ણયમાં થોડા દિવસોમાં મારેલી પલટીને કારણે લાખો વિદ્યાથીઓ અને વાલીઓ ફરી એક વખત મૂંઝવણમાં મૂકાઈ ગયા છે. અગાઉ રાજ્ય સ્તરેથી એવો નિર્ણય લેવાયો હતો કે ચાલુ વર્ષથી વિદ્યાથીઓને સેમેસ્ટર સિસ્ટમમાંથી જ મુક્તિ આપી દેવી અને જે વિદ્યાથીઓ ૧૨મા સાયન્સમાં આવ્યા છે તેમની બોર્ડ દ્વારા એક જ પરીક્ષા લેવી. જોકે, સરકારે હવે એકાએક તેનો નિર્ણય બદલી નાંખ્યો છે અને હવે બારમા સાયન્સ માટે ત્રીજા અને ચોથા સેમેસ્ટરની બોર્ડ દ્વારા અલગ અલગ પરીક્ષા લેવામાં આવશે. અગાઉ, જે રીતે માર્કસ ગણાતા હતા તે રીતે ચાર્રય સેમેસ્ટરના માર્કસની ગણતરી થશે. માત્ર ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે ચાલુ વર્ષ પૂરતું સેમેસ્ટર સિસ્ટમ યથાવત રાખવાનો નિર્ણય લેવાયો છે.

# સંબંધોની પહેલ : રાજા પાસેથી જ ચાવી માગી લેવી




એક રાજા હતો. રાજાને એક સુંદર રાજકુમારી હતી. રાજકુમારી યુવાન થઈ. રાજાએ રાજકુમારીનાં લગ્ન માટે સ્વયંવર રચ્યો. રાજકુમારી સાથે ઈચ્છુક ઘણા રાજકુમારો સ્વયંવરમાં આવ્યા. સ્વયંવરના પહેલા તબક્કામાં ઉપસ્થિત બધા જ રાજકુમારોનો રાજકુમારી સાથે પરિચય કરાવાયો ને તેમાંથી ત્રણ રાજકુમારો પસંદ કરવામાં આવ્યા. બીજા તબક્કામાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે રાજકુમારી એક મહેલમાં બંધ હશે. મહેલને ત્રણ દરવાજા. ત્રણેય દરવાજાને બહારથી તાળાં લાગેલાં હતાં. પસંદ કરાયેલા ત્રણેય રાજકુમારોને એવું કહેવામાં આવ્યું કે તેમણે બંધ દરવાજેથી કોઈપણ રીતે રાજકુમારી પાસે પહોંચવાનું. જે રાજકુમાર પહેલો પહોંચશે તેને રાજકુમારી વરમાળા પહેરાવશે. ત્રણેય રાજકુમારોને એક-એક દરવાજો ફાળવી આપવામાં આવ્યો. બે રાજકુમારો પોતાની પાસે હતાં એ શસ્ત્રોથી દરવાજો તોડવાનો પ્રયત્ન કરવા લાગ્યા. જ્યારે ત્રીજો રાજકુમાર પહોંચી ગયો સીધો રાજા પાસે ને રાજાને વિનંતી કરી, ‘હું આપની રાજકુમારીને ખરેખર પરણવા માગુ છું તો આપ મને દરવાજે લાગેલા તાળાની ચાવી આપવા કૃપા કરો.’ રાજા ખુશ થયા. ચાવી આપી. રાજકુમારે તાળું ખોલ્યું ને પહોંચી ગયો રાજકુમારી પાસે.



માનવીય સંબંધોનું પણ કંઈક આવું જ હોય એવું લાગે છે. કોઈપણ અજાણી વ્યક્તિ સાથે સંબંધોની પહેલ કરવામાં આપણે દરવાજા તોડવા માટે પ્રયત્નો કરનાર રાજકુમારો જેવા બની જઈએ છીએ. બીજા શબ્દોમાં કહીએ તો સંબંધોની પહેલ કરવામાં આપણે રાજા પાસેથી ચાવી માગનાર રાજકુમાર જેવું વલણ અપનાવતા નથી, તેને કારણે આપણી તીવ્ર ઈચ્છાઓ હોવા છતાં આપણે નવા સંબંધોથી વંચિત રહી જઈએ છીએ.

કેટલીક વ્યક્તિઓ સામેથી પહેલ કરે છે ને પછી પોતાની ઓળખ આપી અજાણી વ્યક્તિ સાથે વાતચીત કરે છે ને પછી બહુ ઝડપથી સામેની વ્યક્તિ સાથે ઓળખાણ કરી લે છે. નવા સંબંધો બાંધવામાં આ પ્રકારના લોકો એક્કા સાબિત થતા હોય છે.

કોઈ વ્યક્તિ સાથે નવા સંબંધો બાંધવામાં નડતરરૂપ શું થતું હોય છે?

શરમાળ પ્રકૃતિ. બચપણથી જ જેમની પ્રકૃતિ શરમાળ હોય એવા લોકો સંબંધોમાં પહેલ કરી શકતા નથી.

બીજું કારણ હોય છે સંકોચ. આ પ્રકારની વ્યક્તિઓ જાહેરમાં, મેળાવડાઓમાં, સામાજિક પ્રસંગોમાં ઉપસ્થિત રહેવામાં સંકોચ અનુભવતી હોય છે.

ત્રીજું કારણ હોય છે અભિમાન. વ્યક્તિન પોતાનો અહમ, પોતાનું હુંપણું તેને સંબંધોમાં પહેલ કરતાં રોકે છે. પૈસો, રૂપ, સત્તા, હોદ્દો, જ્ઞાન, ખ્યાતિ કે ક્યારેક આમાંનું કશું ના હોય તો પણ પોતાની પાસે કશુંક હોવાનો ભ્રમ પણ વ્યક્તિને અભિમાની બનાવે છે.

આ પ્રકારની વ્યક્તિ નવા સંબંધો બાંધી શકતી નથી એટલે સંબંધોથી વંચિત રહી જાય છે ને તેમના જીવનમાં અંગત કહી શકાય એવી વ્યક્તિઓ પણ બહુ ઓછી હોય છે.

સંબંધોની પહેલ કરવા માટે સ્મિત એક મોટું શસ્ત્ર છે. આ શસ્ત્ર એવું છે જેનાથી ભલભલી અજાણી વ્યક્તિ પણ હણાઈ જાય છે. પ્રત્યેક અજાણી વ્યક્તિ એક સ્મિતના અંતરે જ હોય છે. જોજનો દૂરનું અંતર પણ એક સ્મિતથી પળવારમાં ઘટાડી શકાય છે.

સંબંધોમાં સંકોચ અનુભવતી વ્યક્તિઓ પોતાની જાતને જાણી-પિછાણી સંબંધોની પહેલ કરવા માટે હિંમત કરે તો તેમના માટે સંબંધોના દ્વારા ખૂલી જાય. એકવાર આવું કર્યા પછી સંકોચ જતો રહે, શરમ દૂર થઈ જાય ને ધીમે-ધીમે આદત પડી જાય સંબંધોમાં પહેલ કરવાની.

સાચુકલા અને સાચા સંબંધો વિકસાવવા માટે પહેલ કરનાર વ્યક્તિ મૂઠી ઊંચેરી બની જાય છે. ચાલો, આપણે સૌ સંકોચ અને શરમ છોડી, અભિમાનને ત્યજી, હિંમત કરીને રાજા પાસેથી ચાવી જ માગી લઈએ અને સંબંધોમાં પહેલ કરીને સંબંધોની યાત્રામાં આગળ વધીએ.

# અમદાવાદ ખાતે ૧૦ જુલાઈથી ૯૦ દિવસીય નિઃશુલ્ક શિબિર

ગાંધીનગર, તા. ૨૮

તા.૧૦ જુલાઈથી ‘જિનવાણીથી જીવન ઘડતર’ ૯૦ દિવસીય નિઃશુલ્ક નિવાસીય શિબિરનું આયોજન સોલા સ્થાનકવાસી જૈન સંઘ, સોલા રોડ ખાતે કરાયું છે. જેમાં વહેલાં તે પહેલાં ધોરણે નિઃશુલ્ક પ્રવેશ આપવાનો હોવાથી જે કોઈ જૈન ધર્મપ્રેમીને આ શિબિરમાં જોડાવું હોય તેઓ સવારે ૧૦થી સાંજે ૫ દરમિયાન જૈન દર્શન ચેરિટેબલ ટ્રસ્ટ, ૬-નેહલ, કોમર્સ કોલેજ છ રસ્તા પાસેનો સંપર્ક કરી શકાશે. આ શિબિરનાં આયોજક ભરતભાઈ શાહે જણાવ્યું કે આ શિબિરનો હેતુ સમાજમાં શાંતિ-સમાધિનો અભાવ છે અને પરિવારો તૂટી રહ્યાં છે ત્યારે સાચા સુખની સમજણ અને તત્ત્વજ્ઞાનનો અભાવ છે ત્યારે આ ખોટને પૂરી પાડવા એક તાલીમ પામેલ ખાસ વર્ગ તૈયાર કરવામાં આવશે.

## વાચકોને આમંત્રણ

**‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસના પહેલા સપ્તાહનો વિષય છે :

**‘મારા પ્રેમાળ પાડોશી’**